અપીલ અરજી નં.૨૨૫ તા.૧૦–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,શહેર વિકાસ

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલની તા.૧૭–૯–૦૮ ની અરજીથી જહાંગીરપુરાના સ.નં.–૧૦૦/૪ બ્લોક નં.૧૧૬ વાળી જમીનમાં આપેલ બાંધકામની રજાચિઠ્ઠી તેમજ કોર્ટના મનાઈહુકમની નકલ મળ્યાબાદ જમીન માલીક સાથે કરેલ પત્રવ્યવહારની લેખીતમાં મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૦–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૫/૨૦૦૮–૦૯

શ્રી ઈશ્વરભાઈ જે. પટેલની તા.૧૭–૯–૦૮ ની અરજીથી જહાંગીરપુરાના સ.નં.–૧૦૦/૪ બ્લોક નં.૧૧૬ વાળી જમીનમાં આપેલ બાંધકામની રજાચિઠ્ઠી તેમજ કોર્ટના મનાઈહુકમની નકલ મળ્યાબાદ જમીન માલીક સાથે કરેલ પત્રવ્યવહારની લેખીતમાં મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબત ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીડીઓ/૩૨૦૪તા.૧૬–૧૦–૦૮ થી આપેલ જવાબના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૧ તા.૧૪–૧૧–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,(શહેર વિકાસ) અને અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૫–૧૧–૦૮ ના રોજ મળેલ માહિતીમાં તેમની તા.૩૧–૧–૦૭ ના રોજની રજાચિઠ્ઠી કેન્સલ કરવા બાબતે તા.૧–૨–૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર કચેરીમાં સ્વીકાર્યાનું દર્શાવતી અરજીની નકલ રજુ કરેલ છે.

જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ન.ટીડીઓ/૩૬૧૭ તા.૨૭–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં અરજદારને મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં.૩ બાબતે અરજદારે રજુ કરેલ રજાચિઠ્ઠી રદ અંગેની માહિતી દફતરે ઉપલબ્ધ ન હોવાથી પૂરી પડાયેલ નથી. તેમજ અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે જેવા કે મુળ અરજીમાં અરજદારે રજાચિઠ્ઠીની માહિતી માંગેલ છે જયારે અપીલ અરજીમાં રજાચિઠ્ઠીની નકલ તેમજ પરીપત્ર વિગેરે ની માંગણી કરેલ છે. તેમજ ફકત માહિતી તરીકેના જ ઉપયોગ લેવા માટેની શરતે માહિતી આપેલ તે વ્યાજબી નથી તેવી રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અંગે અરજદારે તા.૩૧–૧–૦૭ ના રોજ અને તા.૧–૨–૦૭ના રૌજ મ્યુ. કમિશ્નર કચેરીમાં જમાં કરાવેલ અરજીની નકલ અત્રે રજુ કરેલ છે. તે ધ્યાને લેતાં સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળમાં અરજી સ્વીકાર્યાનું સ્પષ્ટ થાય છે. તે જોતાં સદર અરજીની નોંધણી શાખામાંથી જે કક્ષાએ ગયેલ હોય તે અંગે હકીકતલક્ષી દફતરી માહિતી અરજીના સંદર્ભમાં અરજદારને આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેરી વિકસ)ને જણાવવામાં અવે છે. અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે બાકીના મુદ્દા ૧ થી ૨ તથા ૪ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને કાયદાની જોગવાઈના સંદર્ભ સહિત મુદ્દા નં.૧ માં નકલસહ માહિતી પૂરી પાડેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. "

નં.આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨–૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર,***
***સુરત મહાનગરપાલિકા.***

***પ્રતિ***
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ).......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ,(એડવોકેટ)